અન્યાયનો સામનો કરવો પડી રહ્યો છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમાજ પર અત્યાચારની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે. ભાજપ સરકાર બંધારણ દ્વારા આપવામાં આવેલા હક અને અધિકારો પર તરાપ મારી રહી છે. આવી સ્થિતિમાં ગુજરાતની જનતાની કોંગ્રેસ પક્ષ પાસેથી ખૂબ મોટી અપેક્ષા છે. કોંગ્રેસ પક્ષ જનતાના પ્રશ્નોને વાચા આપવા, વંચિત અને શોષિત વર્ગોના હક અને અધિકારો માટે અવાજ ઉઠાવવા તથા બંધારણીય મૂલ્યોના રક્ષણ માટે વધુ મજબૂતાઈથી લડત આપશે.

નવનિયુક્ત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સંગઠન પ્રભારીશ્રી રણદીપસિંઘ સુરજેવાલાજી સાથેની બેઠકમાં સીડબલ્યુસી સભ્યશ્રી જગદીશ ઠાકોર, સીઈસી સભ્ય ડૉ.એમીબેન યાજ્ઞિક , ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ શ્રી શક્તિસિંઘ ગોહિલ, શ્રી ભરતસિંહ સોલંકી, શ્રી સિદ્ધાર્થ પટેલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, એઆઈસીસી મંત્રીશ્રી - સહ પ્રભારીશ્રી રામકિશન ઓઝા, શ્રી સુભાષીની યાદવ, શ્રી દેવેન્દ્ર યાદવ, રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી અભય દુબેજી, એઆઈસીસી મંત્રી શ્રી ઋત્વિક મકવાણા, શ્રી નિલેશભાઈ પટેલ (લાલાભાઈ), ડૉ. પલક વર્મા, ઓડિશા પ્રભારીશ્રી લાલજીભાઈ દેસાઈ, લોકસભા સાંસદશ્રી ગેનીબેન ઠાકોર, કાર્યકારી પ્રમુખ ડૉ . ઇન્દ્રવિજયસિંઘ ગોહિલ, શ્રી લલિત કગથરા, શ્રી જીગ્નેશ મેવાણી, વિધાનસભા દંડક શ્રી કિરીટ પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી મહંમદ જાવેદ પીરજાદા તથા વરિષ્ઠ આગેવાન ડૉ. જયનારાયણ વ્યાસ, સહિત ધારાસભ્યશ્રીઓ, જિલ્લા - શહેરના પ્રમુખશ્રીઓ, ફ્રન્ટલ - સેલના પ્રમુખશ્રી, પ્રદેશ હોદ્દેદારીશ્રીઓ સાથે મોટી સંખ્યામાં કાર્યકર - આગેવાનો નેતાશ્રી ઉપસ્થિત રહ્યા હતા તથા સમગ્ર કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ડૉ. જીતુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને સંચાલન શ્રી નઈમબેગ મિર્ઝા દ્વારા કરવામાં આવ્યું હતું.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા